સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કરે એ વિશ્વનો પ્રવાસ, બૂલેટની જેમ!
ફોડે સપનાંની બંદૂક, બૂલેટની જેમ!
વિંધાય ગરીબનાં હૈયાં, બૂલેટની જેમ!
ખેલે ખેલ પાયાવિધિના, બૂલેટની જેમ!!

હાઈકુ

લ્યો! સૂતા રે'જો
આવે છે નવાં સ્વપ્નાં -
ગાંનપા સ્માર્ટ સીટીનાં...
(- કે રંગીન સપને)

રહતે પણ -
પ્રચારનાં સ્ટીકર -
લલિત-કળા
(અમ્મા, મોદીને પગલે)

ચિંતન

येषां न विद्यां न तपो न दानं न ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
न मर्त्यलोके भुवि भुता मनुष्य रुपेण मृगाश्चरंति ॥

'ચાણક્યનીતિ'નો આ શ્લોક છે :

જે મનુષ્યો પાસે વિદ્યા નથી, જેને કોઈ પણ વિદ્યા-અભ્યાસ કર્યા નથી, જપ-તપ પણ કર્યાં નથી. જેનામાં દાન-પુણ્યની ધર્મવૃત્તિ પણ નથી, દયા-નમ્રતા અને વિવેક નથી. આવા મનુષ્યો કે જેની પાસે ગુણો-સદ્‌ગુણોના આચરણની કોઈ ભાવના નથી. ધર્માચરણની તો વાત કે અપેક્ષા પણ કયાંથી રખાય?

આવા મનુષ્યો પૃથ્વી પર રહે છે ખરા અને સવાર-બપોર-સાંજ પશુઓની જેમ ચર-ચર પણ કરે છે પરંતુ હેતુ-ધ્યેય વિનાનાં સત્કાર્ય કરતા નથી અને પશુ રુપે જ આ પૃથ્વી પર રહે - હરેફરે છે અને પોતાને ઉદ્યોગપતિ-નેતા-અધિકારી માની માત્ર અહંકારમાં 'વૃષભ'ની જેમ જ ફરે છે. તેના બાજુમાંથી પસાર થવાથી પણ લોકો ડરે છે...

સદ્‌ગુણી અને સત્યનિષ્ઠ ન હોય એવા માનવીનું જીવન વ્યર્થ છે.

સુવિચાર

- જીવનમાં કોઈ કામ કર્યા પછી જો તમને થાક કે 'આજે મજા આવી ગઈ' ત્યારે માનવું કે તમે સાચે જ કામ કર્યું છે... બાકી તો તમે કામ પતાવ્યું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનને સમજવ માટે મનોવૈજ્ઞાનિક બનવાની જરુર નથી કે ગ્રંથો વાંચવાની જરુર નથી એ તો અનુભવથી આવડવા લાગે છે - **જે.કૃષ્ણમૂર્તિ**
- અગર ખુદા કા ડર હોતા... આદમી કભી કમીના નહીં હોતા - **શિરાઝ કાચવાલા**
- લાગણીનો મતલબ બદલાઈ રહ્યો છે.. કેર, ઈમોશન, સેન્ટિમેટ, અફેકશન જેવા શબ્દો છૂટથી વપરાય છે પણ એની ઉપર જીવવાનું ઘટી ગયું છે - **રજનીશ**
- બીજા પાસે કામ લેવાની 'તાકાત' હોઈ શકે, પણ પોતાની ક્ષમતા શોધવાનું એ જ 'ખરી ક્ષમતા' - **સ્ટીફન કોવી**
- **આજનું ઓષધ : એસીડીટીમાં એલચીને આમળાના ચૂર્ણ સાથે લેવાથી તરત રાહત થાય છે.**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

'વાણી' બોલવાની રીત-શબ્દો-ભાષા જ વ્યક્તિના સ્વભાવ-ચરિત્રનો પડઘો-દર્પણ છે.

રાજાની સવારી પસાર થવાની હતી. એક પ્રજ્ઞાચક્ષુ સંન્યાસી પણ લોકોની હરોળ આગળ વાતાવરણ માણવા ઊભા રહ્યા. રસ્તો વિઘ્ન રહિત કરવા પહેલાં પાંચ-દસ સિપાઈ આવ્યા... લોકોને ધક્કા દઈ પાછળ ખસેડ્યા, સંન્યાસીને કહ્યું, અલ્યા તું કંઈ દેખતો નથી છતાં આગળ આવી કેમ ઊભો છે?

થોડીવારે દરબારીઓનું ટોળું વ્યવસ્થાના ચેકીંગ માટે આવ્યું. ત્યારે પણ સંન્યાસી લોકોની હરોળમાં સૌથી વધારે પડતા આગળ ઊભા હતા.

દરબારીએ તેમને કહ્યું, બાબા! તમે જોઈ નથી શકતા છતાં આગળ ઉભા છો! ભીડની ધક્કામુક્કીમાં પછડાઈ જશો. પાછળ બેસી જાવ!

રાજાની સવારી આવી. સંન્યાસીના ચહેરાનું સદ્‌ભૂત તેજ જોઈ રથ ઊભો રખાવ્યો. બાબા, હું મંદિરે દર્શનાર્થે જાઉં છું. પણ એ પહેલાં આપ મને આશીર્વાદ આપો! સંન્યાસી બાબાએ કહ્યું, વિજયી ભવ! રાજન...

ક્યોટો, કાશી અને બુલેટ ટ્રેનનો ત્રિવેણી સંગમ!

તંત્રીસ્થાનેથી....

સાત પવિત્ર નગરીઓમાં જેનું નામ મોખરે લેવાતું રહ્યું છે એવી કાશી હાજરાહજૂર ભોલે ભંડારીની નગરી તરીકે વિશ્વપ્રસિદ્ધ છે. મૃત્યુના દેવતાની આ નગરીમાં આસ્થાવાન લોકો એમનું મરણ સુધારવા માગતા - 'કાશીવાસ' કરતા અને ત્યાં પ્રાણ છોડીને બારોબાર મોક્ષમાર્ગે પ્રસ્થાન કરતાં. આવી બધી દંતકથાઓ એકવીસમી સદીમાં પણ અકબંધ રહી છે - બલિહારી આપણી સદીઓ જૂની સંસ્કૃતિની. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગંગામૈયા અને કાશી સાથેનું શાશ્વત સગપણ જોડીને ત્યાંથી સંસદની ઉમેદવારી કરી ત્યારે એની પાછળ રહેલું હિંદુત્વ અને હિંદી-ત્વ બેઉ કસોટીએ ચડ્યાં હતાં. અરવિંદ કેજરીવાલે એમને પડકારવાની હિંમત જરુર કરી હતી, પરંતુ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી એમને સમર્થન આપવા તૈયાર નહોતી થઈ. મોદીએ ત્યારે જ કાશીને સ્માર્ટ સિટી બનાવવાનું વચન આપી દીધું હતું. જાપાનના આધ્યાત્મિક શહેર કટોયોની મુલાકાત લઈ મોદીએ એની પરંપરા અને આધુનિકતાને કાશીમાં અવતારવાનું સપનું જોયું હતું. મોદી માટે કાશી એમની દુખતી રગ બની રહ્યું છે, કારણ કે સત્તાના શિખરે પહોંચ્યાના દોઢ વર્ષ પછી પણ કાશીની સૂરત નોંધપાત્ર કહી શકાય એટલા પ્રમાણમાં સુધરી નથી. કયોટોની આધુનિકતાને કાશીની રેઢિયાળ, ગંદીગોબરી ખસ્તાહાલ વાસ્તવિકતા વચ્ચે ભારત અને જાપાન જેટલું અંતર છે. કાશી વિશ્વનાથના દર્શને જશે ત્યારે જાપાનના વડાપ્રધાન શિંઝો આબેને આ તફાવત સમજતાં વાર નહીં લાગે. અલબત્ત, કાશીની ગલીઓમાં થઈ દશાશ્વમેધ ઘાટ પર ગંગા આરતીનાં દર્શન કરવા પહોંચશે ત્યારે જાપાની વડાપ્રધાન જરુર પ્રભાવિત થયા વગર નહિં રહે. લાખોની હાજરીમાં જે શ્રદ્ધા-ભક્તિપૂર્વક એક નદીમાં આપણી પ્રજા દિવ્ય માતૃત્વનો અહેસાસ કરી શકે છે, તે અન્ય કોઈ પણ દેશમાં શક્ય નથી. ત્યાં નદી માત્ર નદી જ હોય છે. એ 'માતા' નથી હોતી. એ માત્ર કુદરતી સ્ત્રોત હોય છે, જેનો માનવજાત માટે વધુમાં વધુ સદુપયોગ કરવાની વૃત્તિ રહ્યા કરે છે. જો કે જાપાનનું કયોટો શહેર બુદ્ધનો સંદેશ ફેલાવતી ધર્મનગરી પણ છે. પરંત એ પ્રાચીન વિરાસત સાચવીને એ શ્રેષ્ઠ આધુનિક સુવિધાઓથી સજ્જ બનેલું શહેર છે. કાશીમાં તો લાલબહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ છે - ક્યોટોમાં એરપોર્ટ નથી પણ ઝડપી બુલેટ ટ્રેન વડે આખા જાપાન સાથે આબાદ રીતે સંકળાયેલું છે. ત્યાં ઘણાં બધા લોકો સાઈકલ પર ફરે છે અને સાઈકલ પાર્કિંગ માટેની વ્યવસ્થા પણ છે. ગટર વ્યવસ્થાના નામે કાશી ગંદુ શહેર છે. કયોટોના સ્વચ્છ સુંદર રાજમાર્ગોની સરખામણીએ કાશીમાં ગલીઓ છે. આમ છતાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એને કયોટો સાથે સાંકળવાની યોજનાના ૨૦,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરાવવામાં સફળતા મેળવી છે. એથી વિશેષ તો ૯૮,૦૦૦ કરોડની બુલેટ ટ્રેન યોજના પર મહોર મરાવીને મોદીએ ઈતિહાસ સર્જ્યો છે. ચૂંટણી પ્રચાર વખતે એમને દેશમાં બુલેટ ટ્રેન દોડાવવાનું સપનાનું વાવેતર કર્યું હતું. એમનું એ સપનું અમદાવાદ-મુંબઈ વચ્ચે સાકાર થશે એવી સંભાવના છે. જાપાન જેવો દેશ કરવા ખાતર એમઓયુ ન જ કરે. મોદીએ આ દોઢ વર્ષના શાસનકાળમાં ઊડતા પ્રધાનમંત્રી કે એનઆરઆઈ વડાપ્રધાનની છબી ઉપસાવી છે તે સાચું; પરંતુ ઊડતા પ્રધાનમંત્રી એમનાં હવાઈ કિલ્લા જેવા લાગતાં સપનાં સાકાર કરવાની દિશામાં કૃતસંકલ્પ છે, એ ઓછું આશ્વાસન ન જ ગણાય.

શિક્ષણના મહર્ષિ : નાનાભાઈ ભટ્ટ



શિક્ષણ સંબંધમાં અનેક સમસ્યાઓ આજે સમાજ તથા સરકાર સામે પડકારરૂપ બનીને ઊભા છે. શિક્ષણનો સમાન વ્યાપ તેમજ સામાન્ય વર્ગને પરવડે તેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ તમામ સ્થળે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થાય તો જ સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકે. આથી આવા સાંપ્રત સંદર્ભમાં નાનાભાઈ ભટ્ટ કે ગિજુભાઈ બધેકા જેવા શિક્ષણને સમર્પિત લોકોની સ્મૃતિ થાય છે.

ગાંધીજીની કેળવણી અંગેની નઈ તાલીમની કલ્પનાને ભૂમિગત કરનાર નાનાભાઈ ભટ્ટના પરદાદાનું નામ ત્રિકમબાપા હતું. ત્રિકમબાપાની એક નોંધાયેલી ઘટના ફરી ફરી વાંચવી સાંભળવી ગમે તેવી છે. ત્રિકમબાપા પોતાના સમયમાં એક વૈદ તરીકે સુવિખ્યાત હતા. ભાવનગર રાજયના રાજવૈદ તો ખરા જ પરંતુ વર્તન અને વ્યવહારથી લોકવૈદ હતા. દવા માટે રાતી પાઈ પણ લેવાની વાત તેમના જીવનમાં ન હતી. દર્દીઓ પોતાની સ્થિતિ અનુસાર રાજીખુશીથી તેમનું સન્માન કરતા. તેમાંથી જ કરકસરપૂર્વક પોતાનો જીવન વ્યવહાર ચલાવતા હતા. એક પ્રસંગે ત્રિકમબાપાને ભાવનગરના કેટલાક શ્રાવક ભાઈઓ એક બીમાર મુનિની સારવાર કરવા માટે બહારગામ લઈ ગયા, વૈદરાજ ગયા. સાધુ તેમની સારવારથી સ્વસ્થ થયા. સાધુ મહારાજના ભકત સમુદાયે વૈદરાજની સ્પષ્ટ ના હોવા છતાં સારવાર કરી તે માટે ત્રિકમબાપાના હાથમાં સન્માનપૂર્વક સોનાના બે કડા પહેરાવ્યા. ત્રિકમબાપા ભાવનગર પાછા ફરીને પોતાના ઘેર જવાના બદલે સીધા મહાદેવના મંદિરે ગયા. મહાદેવના ચરણોમાં સોનાના આ બંન્ને કડા મૂકીને જાણે ભારમુકત થયા હોય તેવી શાંતિ અનુભવીને પોતાના ઘેર ગયા. નાનાભાઈ આ પરિવારનો સંસ્કાર વારસો ધારણ કરતા હતા. અપરીગ્રહ જેમના લોહીમાં વણાયેલો હોય તે જ વ્યકિતમાં આવી નિર્મળ અનાસકિત પ્રગટી શકે. આજ કુંટુંબની પરંપરાના નાનાભાઈ ભટ્ટ અધ્યાપકની પદ પ્રતિષ્ઠાવાળી નોકરી છોડી શકે. પોતાના જ લોહીપસીનાથી ઊભી કરેલી સંસ્થા દક્ષિણામૂર્તિ પણ કોઈ અપેક્ષા કે કડવાશ સિવાય છોડી શકે. નાનાભાઈના આ બંન્ને નિર્ણયો તથાગત બુદ્ધના મહાભિનિષ્ક્રમણ જેવા છે. નાનાભાઈ જેવા કેળવણીવિદ્‌ની સ્મૃતિ આજના સંદર્ભમાં વિશેષ થાય તે સ્વાભાવિક છે. ઉછળતા સાગરમાં દેઢતા અને સમતાથી પોતાનું નાવડું ફંગોળનારા નાનાભાઈ એક વિરાટ શકિતનું સ્વરૂપ હતા.

ગર્વથી ચકચૂર સાગરની, ખબર લઇ નાખવા
નાવડુ વમળો મહી, ફંગોળનારા કયાં ગયાં ?

કવિ 'વિશ્વરથ'ના આ શબ્દો નાનાભાઈના જીવનને અનુરૂપ છે. કિનારે બેસી રહીને સલામતી અનુભવવાની વાત આ કાળા ભટ્ટના પુત્રે કદી સ્વીકારી નથી. ન્યાયમૂર્તિ ચન્દ્રશેખર ધર્માધિકારીજીએ થોડા સમય પહેલાં ચિંતા વ્યકત કરતા વાત કરી હતી કે શિક્ષણ એ સ્મસ્યાઓના ઉકેલ માટેનું મહત્વનું સાધન છે. ધર્માધિકારીજી કહે છે કે સમાજની સમસ્યાઓના ઉકેલ માટેનું આ સાધન પોતે જ એક સમસ્યા થઈને આપણી સામે ઊભું છે. શિક્ષણમાં ગુણવત્તા લાવવાનો પ્રશ્ન, શિક્ષણને ફરરજ્ઞમિફબહય બનાવવાનો પ્રશ્ન, પદવીને કેળવણી સાથે જોડવા જેવા અનેક પ્રશ્નોનો સામનો આજે સમાજ તથા શાસન કરે છે. આવા સમયે નાનાભાઈ ભટ્ટે કરેલા પ્રયોગો તરફ એક નિરાંતવી નજર કરવી તે સાર્વત્રિક હિતમાં છે. નાનાભાઈએ ઊભી કરેલી સંસ્થાઓના માધ્યમથી તેમણે ગુજરાતના શિક્ષણનું સંસ્કાર ઘડતર કર્યું છે. સ્વામી આનંદે નાનાભાઈને વ્યાસવાલ્મીકીના વારસ કહેલા છે. આ ઋષિ પુરુષે શિક્ષણને જીવન સાથે જોડીને તેમાં પ્રાણ સંચાર કરેલો છે. ''કેળવે તે કેળવણી નો વ્યાપ વધે તો જ એક શકિતશાળી અને આત્મવિશ્વાસથી પાંગરેલી પેઢીનું નિર્માણ થઈ શકે. આવી કેળવણી થકી જ જવાબદાર નાગરિકનું નિર્માણ થઈ શકે. શિક્ષણ થકી કૌશલ્ય પ્રાપ્ત ન થાય તો દેશના સાધનોનો નિરર્થક વ્યય થવા ઉપરાંત શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને કામે લગાડવાની વિકટ સમસ્યા સમાજ અનુભવે છે. વર્તમાન સમયમાં પણ શિક્ષણની નીતિ ઘડવામાં નાનાભાઈના વિચારો માર્ગદર્શક બને તેવા છે. મહર્ષિ દયાનંદ તથા શ્રી અરવિંદે જે રાષ્ટ્રીય કેળવણીની તરફેણ કરી હતી. તેનો વાસ્તવિક અમલ નાનાભાઈના ઠોસ પ્રયાસોમાં થયેલો જોવા મળે છે. શિક્ષણ બજારુ ચીજ ન બની રહે તેની ચિંતા નાનાભાઈને આજીવન રહી હતી. એક સદી પહેલાં ડિસેમ્બર-૧૯૧૦માં ભાવનગરમાં શરૂ કરવામાં આવેલ ''દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'' નો ઉદ્દેશ શિક્ષણને એક નૂતન દિશા તથા ગતિ આપવાનો મજબૂત પ્રયાસ હતો. શ્રી નથુરામ શર્માના આશીર્વાદ નાનાભાઈને આ કાર્ય કરવા માટે મળ્યા હતા. નાનાભાઈએ પ્રગટાવેલ શિક્ષણની પાવક જવાળાનો ઉજાસ ઘરેઘરનો તથા જનજનનો માર્ગદર્શક બની શકે તેવો છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

માંડવડે રે કોઈ ઢાળોને બાજોઠી કે ફરતી મેલોને કંકોતરી...

હમણાં.. હમણાં લગ્નની શરણાઈના સૂર મંદ પડતા જ નથી. લગ્નની સિઝન ચાલે છે. વચ્ચે તો કમૂરતામાં પણ કયાંક બેન્ડવાજા સંભળાતા હતા. પછી ખબર પડી કે એન.આર.આઈ. છે, બે અઠવાડિયાની રજા મળી છે, 'ચટ મંગની પટ બ્યાહ' ગોઠવાયા છે, પાછા જવાની રીટર્ન ટિકિટ પ્રમાણે પંડિતો પણ સગવડિયા ચોઘડિયા કાઢી આપે છે - લગ્નની એક બાજુ.

લગ્ન લખાવાથી માંડીને, કંકોતરીની ડિઝાઈન પસંદગી, કંકોતરીના લખાણમાં કુટુંબના કોઈ વડીલનું કે સ્નેહીનું નામ છપાવાનું બાકી ન રહી જાય તેની ચિંતા, લગ્ન માટે કપડાની ખરીદી, ઘરેણાંની પસંદગી, શેરવાનીની પેટર્ન, વાડીનું બુકિંગ, પંડિતજીનું બુકીંગ, વહેવાર કરવાની મથામણ, કોઈને ખોટું ન લાગે, બંને પક્ષે કોઈને ઓછું ન આવે આવે તેની તકેદારી સાથે લગ્નની તૈયારી થાય.

લગ્નદિવસ આવે. વરરાજાની આસપાસ તેના સો કોલ્ડ શુભેચ્છકોની ભીડ મીઠાઈ પર માખી બણબણાતી હોય તેમ જામેલી હોય અમસ્તો જેને કોઈ દિવસ હસીને બોલાવ્યો પણ ન હોય. તે પણ વરરાજાને સજાવવા માટે પોતાનું શૃંગારશાસ્ત્ર કામે લગાડી દે છે... વરરાજાને તૈયાર કરવા બહાના ગોદા મારતા હોય છે.

એમાં વળી ફોટોગ્રાફર અવનવા પોઝ સાથે જાન નીકળતા પહેલાં જ વરરાજાની જાન નીકાળતા હોય છે. પોઝ દર્શાવતી વખતે વરરાજાએ તો કૃત્રિમ હાસ્ય મુખ પર લાવવું પડે છે પણ બીજા બધા તો એના અવનવા, અટપટા પોઝ જોઈને મૂછમાં સાચે જ હસતા હોય છે.

પછી વાડીમાં લગ્નની વિધિ શરુ થાય છે, પંડિતજી મંત્રોચ્ચાર વડે ઝટપટ ચાલુ કરે છે, વચમાં વચમાં મોબાઈલ પર બીજા યજમાનને લગ્નનું મુહૂર્ત કાઢી આપે છે. એક બાજુ લગ્ન ચાલુ હોય અને બીજી તરફ જમણવાર ચાલુ થઈ જાય છે.

પહેલાંના સમયમાં જમણવાર સરળ રીતે થતો, પાટલાં પર પલાંઠી વાળીને બેસીને પતરાળામાં જમવાનો આનંદ મળતો. આજે હવે બુફે સિસ્ટમ શરુ થઈ ગઈ છે. ઊભા-ઊભા થાળી લઈને માગણિયાને પીરસાતું હોય તેમ કેટરીંગવાળા બહેનો અથવા ભાઈઓ શાક, ફરસાણ, મીઠાઈઓ થાળીમાં રીતસર ઘા કરતા હોય તેમ પીરસતા હોય છે. હડબડાટીમાં કો'કનો હડસેલો વાગી જાય તો મોંઘા કપડાં પર શાકના રસાની અને દાળની રંગોળી થઈ જાય છે, થાળીમાં રહેલો હલવો અને શાકનો રસો જન્મજન્માંતરના પ્રેમી બેગા થવા તલપાપડ હોય તેમ એકબીજામાં ભળી જાય છે. આપણે પણ હોંશે હોંશે મીઠાઈ સાથે વેજીટેબલનો લ્હાવો માણીએ છીએ. આ બધી ભાંજગડમાં ક્યારેક કોઈ વર-વધુનો કે તેમના માતાપિતાની માનસિકતાનો વિચાર કરે છે? ખરેખર તો આ લોકો પોતાનો જ પ્રસંગ પોતે માણી શકતા નથી. ક્યાંક કશી ઉણપ તો નહીં રહી જાય ને! કોઈકને કાંઈક નહીં ગમે તો! રસોઈ બરાબર બનશે ને! બધી વ્યવસ્થા બરાબર ગોઠવાઈ જશે ને! આવા પ્રશ્નો તેમના મનમાં ભાગમભાગ કરતા હોય છે.

લગ્નની બીજી બાજુ -

લગ્ન એટલે ફક્ત બુફેની લાઈન, ઓરકેસ્ટ્રાનો કકળાટ, મામેરાની ગણતરી, વસ્ત્રોની ખરીદી, સોનાની ખરીદી, વીડિયો શુટિંગ, આશીર્વાદ આપનાર કે શુભેચ્છા આપનાર દંભીઓનો શંભુમેળો જ નથી.

લગ્ન એ બે વ્યક્તિઓનો જીવનભર સાથે જોડાવા માટેનો પ્રસંગ છે, લગ્ને ટલે પરણવું, પરણવું એટલે સંવેદના, લાગણીની ભીનાશ.

લગ્ન તો ખરેખર એકવાર થાય છે, પણ પરણવાનું ક્ષણે ક્ષણે હોય છે. સંવેદન સંબંધોને રોજ તાજા રાખવાનું કાર્ય કરે છે. જેની સાથે તમારી એક એક પળ જીવનરસથી ભરપૂર હોય એ જ સાચા અર્થમાં પરિણય છે, બાકી બધો અભિનય છે. હસ્તમેળાપ સાથે હૃદયમેળાપ જરુરી છે, બે વ્યક્તિનો એકબીજા સાથે, બે પરિવારનો એકબીજા સાથ.

લગ્ન એ જીવનનો પડાવ છે, નવીન જવાબદારીઓનું આરોહણ થાય છે. પોતે-પોતાના નિર્ણય જાતે લેવા પડે છે, અત્યાર સુધી તમે નિર્ણય લેવાથી છટકી શકતા હતા હવે તેમ નથી ચાલવાનું. વર-વધુ બંનેને એકબીજા સાથે અનુકૂલન સાધીને જીવનનો માર્ગ પ્રશસ્ત કરવાનો છે.

ટુંકમાં કહેવાનો મુદ્દો એ છે કે આજના ચાર કલાકના ઝટપટિયા અને સગવડિયા લગ્નમાં વર-વધુ એ લગ્ન સહજીવનની સાચી વ્યાખ્યા સમજી શકે ખરા! ગંભીરતાથી આ વિશે વિચારાય છે ખરું કે પછી બધી આવડત અને ડહાપણ સારી શેરવાની અને મોંઘા સેલા ખરીદવામાં જ વપરાઈ જાય છે.

લગ્નની ગંભીરતા અને સહજીવનના સાહચર્યને સમજી શકવાના વિચારો, તેટલી પરિપક્વતા આજના યુગલોમાં છે ખરી! જો છે તો પછી આટલા છૂટા-છેડાના બનાવો કેમ બને રાખે છે!

હકીકતમાં તો કોઈ યુવક સ્વપ્ન ભલે વિશ્વસુંદરીના કે ફિલ્મી હિરોઈનના જોતો હોય, પણ તે યુવક તેની સ્વપ્નસુંદરીને ઘરમાં શાક-દાળ બનાવતી સ્ત્રી તરીકે કલ્પી શકતો નથી. તે એની જીવનસંગિનીમાં તો આદર્શ નારી જ પસંદ કર છે. આવી જ રીતે યુવતી ડ્રીમ-મેનની કલ્પનામાં ડૉનનો શાહરૂખ કે ઋત્વિકની છબી રાખતી હોય છે, અને સંસારની નરી વાસ્તવિકતામાં પોતાનો ભરથાર નાસ્તા માટે સવારે બૂમો મારતો હોય ત્યારે તેને આઘાત લાગે છે.

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

આનું કારણ એ છે કે જે કેરેકટરને તમે કલ્પનામાં તમને મનપસંદ એવા સ્કેચમાં અને રંગોમાં સજાવ્યું હોય ત્યારે તે ટેકનિકલર લાગે. પણ વાસ્તવમાં હકીકત સામે આવે ત્યારે બ્લેક એન્ડ વ્હાઈટ લાગે છે. કેમ કે સ્વપ્ન હંમેશા વાસ્તવિકતા કરતા ચઢિયાતું રહેવાનું એન વાસ્તવિકા હંમેશા કલ્પના કરતા ઉતરતી લાગે રાખે છે.

મૂળ વાત એ છે કે વાસ્તવિક જીવન એ બમ્પ, યુ-ટર્ન કે ખાડા વગરનો એકસપ્રેસ વે નથી પણ ઊબડ-ખાબડ, બમ્પવાળો અને અટપટા વળાંકવાળો રોડ છે, જેમાં ઘણીવાર 'રસ્તો બંધ છે, કામ ચાલું છે' એવા બોર્ડ મારીને સમારકામ પણ કરવું પડે છે.

અંતમાં ખલિલ જિબ્રાનની લગ્નની વિભાવના -

તમે બંને સાથે જનમ્યા, અને સદાને માટે સાથે રહેશો
સાચે જ, પરમેશ્વરની શાંત સ્મૃતિમાંય તમે સાથે જ રહેશો તોય તમારી વચ્ચે ગાળા પાજડો
અને તમારી વચ્ચે આકાશના વાયુઓને વિહરવા દેજો
તમે પરસ્પર ચાહજો ખરા, પણ તમારા પ્રેમીની બેડી ન બનાવશો
તમે એકબીજાની પ્યાલીઓ ભરી દેજો, પણ બેય એક જ પ્યાલી મોઢે માંડશો નહીં.
હૃદયો એકબીજાને અર્પજો, પણ એકબીજાને તાબામાં સોંપશો નહીં, કારણ તમારા હૃદયોનું આધિપત્ય તો કેવળ જગદીશ્વરનો હાથ જ લઈ શકે.
એકદમ નીકટતા છતાં, એકબીજાના વિચારોને સમજવા માટે બંને વચ્ચે એટલું અંતર રાખીએ કે ભીંસાઈ ન જવાય, અત્યારે ચંદ્રકાન્ત શેઠની પંક્તિ યાદ આવે છે.

''હું શોધતો હતો ફૂલ ને, ફોરમ શોધતી હતી મને,
એકબીજાથી ગયા દૂર તો આવ્યા કને.''

- jayuoza@gmail.com

શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે ધરોબો પણ કેળવે અને યોગ્ય અંતર પણ રાખે તો ગુરુ-શિષ્ય પરંપરાનું ઉત્તમ જતન થાય

'ના તમારા પૈસા ના લેવાય.'

ફલેટના મુખ્ય દ્વાર પાસે રીક્ષામાંથી મનીષા એના સાસુ જયોતિબેન સાથે ઉતરી અને રીક્ષાવાળાને પૈસા આપ્યા તો જવાબમાં રીક્ષા ચલાવતા શ્રમિક દીપકે આ વાકય કહ્યું... મનીષાએ કારણ પુછયું તો કહે, 'જો તમારા પૈસા લઉં તો આ તમારી સાથે જે બા છે તેમને અમને આપેલું શિક્ષણ લજવાય.'

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં શિયાળાની એક સાંજે બનેલી આ ઘટનાના મૂળ ઊંડા છે.

ભાવનગર - એટલે સંસ્કારી નગર - કલાનું પિયર. આવા નગરની એક પ્રાથમિક શાળામાં જયોતિબેન શિક્ષિકા તરીકે નોકરી કરે...પતિ સેન્ટ્રલ ગવર્મેન્ટની પ્રતિષ્ઠિત નોખરી કરે. એક દીકરો અને એક દીકરીનો પરિવાર બે દાયકા કરતા વધારે વર્ષ ગામની વચ્ચે રહ્યા અને પછી પ્લોટ વિસ્તારમાં પોતાનું મકાન - બંગલો બનાવીને ત્યાં રહેવા ગયા.

૧૯૬૬-૬૭ના સમયથી માત્ર રૂા. ૮૦ના માસિક પગારે નોકરીનો આરંભ કરનાર શિક્ષિકા જયોતિબહેન એમનું સમગ્ર અસ્તિત્વ જાણે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં સમર્પિત કરી દીધું હતું. પતિના નોકરીના કલાકો અનિયમિત અને વળી નિયમિત રીતે ઓફિસ કામે અમદાવાદ આવવાનું થાય. પરિણામે બાળકોના ઉછેરની જવાબદારી-રોજીંદી રસોઈ - મહેમાનોનું આતિથ્ય-શાળાની જવાબદારીઓ - રોજીંદી પૂજા-સેવા અને વખતોવખત મંદિરે દર્શન માટે જવાનું - સામાજિક વ્યવહારો નિભાવવાના, આમ સતત પ્રવૃત્તિમય જીવનથી ટેવાતા ગયા. રોજ સવારે જયોતિબેન શાળાએ જવા શેરીમાંથી પસાર થાય એટલે આડોશી-પાડોશી ઘડિયાળમાં જોયા વિના બોલે 'સાતને પંદર થઈ' એટલા બધા ચોકસાઈવાળા અને નિયમિતના આગ્રહી હતા.

ખાનગી સંચાલકો દ્વારા સંચાલિત પ્રાથમિક શાળામાં શિક્ષિકાની નોકરી એટલે સરકારી લાભ એક પણ મળે નહિ. પગાર ઓછો અને કામ વધુ. એમાંયે મોટા ભાગના બાળકો શ્રમિક પરિવારોના, એટલે તેમને સ્વચ્છતા-સફાઈના, વાણી-વર્તન અને વ્યવહારના પાઠ ભણાવવા, સમજ આપવી એ વળી પુસ્તકના શિક્ષણ ઉપરનું કામ રહેતું. રોજિંદા જીવન માટે ઉપયોગી વાતો-સભ્યતા-સંસ્કાર અને મૂલ્યોની સમજણ એમળે વિદ્યાર્થીઓમાં સાહજિક રુપે રોપી. એક માળી જેમ બગીચાના ફુલોની માવજત કરે એમ એમણે વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર આપ્યા. સવારે રોજ સાડા ચારે ઊઠવાનું અને રાત્રે દસ વાગ્યા પચી સુવાનું. આ એમનો નિત્યકમ. પોતાના બે સંતાનોને પણ ધાર્મિક સંસ્કારો આપ્યા - ઘરની સફાઈ-રસોઈ પણ શીખવાડીને શિસ્ત - નિયમિતતાના ગુણો કેલવ્યા. આવા ઉમદા શિક્ષકે જે વિદ્યાર્થીઓને - તોફાની વિદ્યાર્થીઓને સાચો રસ્તો બતાવ્યો, એમાંનો એક એટલે દીપક. કલાસના બીજા બાળકો સાથે દાદાગીરી કરવી, છોકરીઓની મશ્કરી કરવી, શિક્ષકોની હાંસી ઊડાવવી, પરીક્ષામાં ચોરી કરવી જેવા એ અવસ્થાના તમામ દુર્ગુણો એના વર્તનમાં સાહજિક રીતે વણાયેલા હતા. એ દિપકને જયોતિબેન પોતાના પ્રેમમમય સ્વભાવથી પળોટ્યો. યોગ્ય શિક્ષણ આપ્યું - વિવેકી બનાવ્યો. સમય જતાં શાળા બંધ થઈ ગઈ. દીકરો કમાતો થયો હતો. દીકરી વિદેશ પરણી હતી. જયોતિબેનના પતિનું અવસાન થતાં તે અમદાવાદમાં દીકરાના પરિવાર સાથે રહેતા હતા.

એક દિવસે અગિયારસનો દિવસ અને પુત્રવધુ મનીષા બાને મંદિરે લઈ ગઈ. પાછી ફરતા ફલેટના દરવાજે ઉતર્યા ને લેખના આરંભે લખેલો સંવાદ થયો. મનીષાને થયું એના પતિને રીક્ષાવાળો ઓળખતો હશે એટલે કહે કે 'પછી તમે એમની પાસેથી લ્યો એના કરતા આ પૈસા લઈ લ્યોને' ત્યારે દીપકે ફોડ પાડીને કહ્યું કે 'બેન, હું તમારા બા પાસે પ્રાથમિક શાળામાં ભાવનગરમાં ભણતો હતો. એમણે મને શિક્ષણ અને સંસ્કાર આપ્યા એટલે આજે પરિવાર સાથે અહીં સેટલ થઈને સુખી જીંદગી જીવું છું. એમના - ગુરુના પ્રવાસના પૈસા ના લેવાય.' પરંતુ જયોતિબેને આગ્રહ કરીને વધુ પૈસા આપ્યા. ત્યારે દીપકે લીધા ને પગે લાગ્યો. વર્ષો પછી એણે જે તે સમયના શાળાના શિક્ષકો માલતી બહેન, બચુભાઈ, રાધાબેનના નામો કહ્યા. જયોતિબહેનને પોતે આપેલું શિક્ષણ અને પોતાના વર્ષો સાચી દિશામાં પસાર થયા છે તેનું ગૌરવ થયું.

સમાજજીવનમાં ખુણે-ખાંચરે બનતી જીવન મુલ્યોની જાળવણીની આવી ઘટનાઓ બનતી જ રહે છે. જરુર હોય છે એમાંથી પોતીકી સમજ કેળવીને આવી ઘટના સાથે જોડાયેલાં પાત્રોને બિરદાવવાની.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

જયોતિબહેને તો એમની ફરજ માત્ર બજાવી હતી, પરંતુ દીપક જેવા કેટલાયે યુવાનોના ચારિત્ર્ય અને જીવન ઘડતરમાં એમણે આપેલું યોગદાન હંમેશા અમૂલ્ય બની રહેતું હોય છે.

શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે ધરોબ